

## 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી જ્ઞાતા દૃષ્ટાપણું (ભેદજ્ઞાન) સંબંધિત પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના વચનામૃત

(શુભાશુભ પરિણામ થવા છતાં અંતરંગ સ્થિતિ બતાવતાં કહ્યું)

અશુભ પરિણામના કાળમાં આ તરફનો (સ્વ-સન્મુખતાનો પુરુષાર્થનો) ઝૂકાવ મંદ થાય છે, શુભ પરિણામના કાળમાં આ તરફનો (પુરુષાર્થનો) વધારે ઝૂકાવ થાય છે. (પરંતુ બન્ને પ્રકારના પરિણામોના કાળમાં) દૃષ્ટિનો ઝૂકાવ તો તેવોને તેવો જ છે. લડાઈના કાળમાં બહાર લડાઈની ક્રિયા થાય છે, અને રાગમાં અશુભ રાગની ક્રિયા થાય છે અને હું તો મારામાં જ અચલ રહું છું. મારામાં તો તે જ સમયે રાગની ક્રિયાનો પણ અભાવ છે. (૩૪)

***

(ભેદજ્ઞાનનું સ્વરૂપ :)

હરસમય વિકલ્પથી ભેદજ્ઞાન કરવું નથી પડતું, સહજરૂપ થઈ જાય છે. (૩૬)

***

(જ્ઞાતા-દૃષ્ટાનું સ્વરૂપ બતાવતાં કહ્યું) નિર્વિકલ્પ અનુભવ થતાં જ જ્ઞાતાદૃષ્ટા થઈ શકાય છે. (માત્ર) એમ વિકલ્પથી જ જ્ઞાતા માનીને-થવાવાળું હતું તે થયું, એમ માનીને (-એવા) સમાધાનમાં (જો) સુખ માને છે, તે (સુખ) તો (માંસ ખાવાવાળા) માંસ ખાવામાં અઘોરી અને ભૂંડ વિષ્ટા ખાવામાં, પતંગિયું દીપકમાં સુખ માને છે, તેવું તે સુખ છે. નિર્વિકલ્પ અનુભવ વિના ધારણામાં ઠીક માનેસુખ માને, તે તો કલ્પનામાત્ર છે, વાસ્તવિક સુખ નથી. (૧૧૧)

***

સ્વદ્રવ્યમાં એકત્વ કર્યા વિના રાગથી અને શરીરથી ભિન્નતા થઈ શકતી નથી, ભલે ભિન્ન છે, ભિન્ન છે એમ કહે. અને પોતાના દ્રવ્યમાં એકત્વ થતાં સહજ જ ભિન્નતા થઈ જાય છે, વિકલ્પ ઉઠાવવો પડતો નથી, સહજ જ ભિન્નતા રહે છે. ૧૫૨.

***

પહેલા વિકલ્પ ઉઠે છે. પાછળથી સમાધાન કરે કે તે સ્વતંત્ર છે(તો તે યથાર્થ નથી). વિકલ્પની સાથોસાથ તે જ ક્ષણે તેનાથી ભિન્નતા થવી જોઈએ. ૧૮૪.

***

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૮ : અંક-૨૯૪, વર્ષ-૨૪, જૂન-૨૦૨૨

## અષાઢ વદ ૧૪, રવિવાર, તા.૧૭-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૯૧, પ્રવચન-૩૭

'યોગસાર' ચાલે છે. એની ૯૧મી ગાથા. **'આત્મામાં સ્થિરતા સંવર અને નિર્જરાનું કારણ છે.'** આ એનું મથાળું છે.

**अजरु अमरु गुण-गुण णिलउ जहिं अप्पा थिरु ठाई।**
**सो कम्मेहिं ण बंधियउ संचिय-पुव्व विलाइ।।९१।।**

જુઓ! શું કહે છે? **'જ્યાં અજર અમર ગુણોનો નિધાન...'** એવો શબ્દ વાપર્યો છે. આ આત્મા અજર અમર છે. અજર અમર. એને કોઈ દિ' જીર્ણતા વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. શાશ્વત ધ્રુવ સત્ તત્ત્વ અકૃત્રિમ નહિ કરાયેલું, શાશ્વત સ્વભાવની મૂર્તિ, એવો આત્મપિંડ એ અજર છે, એને કોઈ જીર્ણતા લાગુ પડતી નથી. એના ગુણને પણ જીર્ણતા લાગુ પડતી નથી. એ તો ગુણી અને ગુણ બધી એક જ ચીજ છે ને! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અજર નામ એમાં જીર્ણતા નથી અને તેમાં મરણ નામ અભાવ નથી. એ ગુણનો પિંડ પ્રભુ, મહાસત્તા ચૈતન્ય સત્ સ્વરૂપ અનાદિઅનંત અજન્મ અને અમરણ. એને જન્મ પણ નથી અને મરણ પણ નથી. એવું શાશ્વત તત્ત્વ છે. એવા **'ગુણોનો નિધાન આત્મા સ્થિર થઈ જાય છે.'** જ્યારે આવા આત્મામાં સ્થિર (થઈ જાય છે). અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પ ને રાગમાં સ્થિર થવાથી બંધન છે. રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં સ્થિર થવાથી બંધન છે. અને આત્મા રાગ-દ્વેષ વિકલ્પ વિનાનો આત્મા છે, તેમાં સ્થિર થવાથી, પહેલા શ્રદ્ધામાં પૂર્ણાનંદની પ્રતીત અનુભવમાં કરીને પછી સ્થિર થવાથી સંવર, નિર્જરા થાય છે. સંવર, નિર્જરાની ક્રિયા કર્મનું રોકાવું અને કર્મનું ટળવું, તેની ક્રિયા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિર થવું તે એક જ ક્રિયા છે. કહો, સમજાણું કાંઈ? સ્થિર થઈ જવું.

**'ત્યાં તે આત્મા નવીન કર્મોથી બંધાતો નથી...'** કેમકે પોતાનું સ્વરૂપ સમ્યગ્દર્શનમાં શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરી તો શુદ્ધ ચૈતન્યમાં સ્થિર થવાથી નવીન કર્મ બિલકુલ બંધાતા નથી. **'અને પૂર્વના સંચિત કર્મોનો ક્ષય કરે છે.'** એટલે જૂના કર્મ ક્ષય થઈ જાય છે. કરે છે એમ કહેવામાં આવે છે. **'पुव्व संचिय विलाइ'**. પૂર્વના સંચયનો નાશ થઈ જાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે લઈ લીધા. શું કહ્યું?

ભગવાનઆત્મા ધ્રુવ અજર અમર છે તેમાં સ્થિર થવું તે ઉત્પાદ પર્યાય નિર્મળ થઈ અને પૂર્વની અશુદ્ધ અવસ્થા છે તેનો નાશ થાય છે. અહીં કર્મની અપેક્ષા લીધી. અશુદ્ધ અવસ્થાનો વ્યય થાય છે. શુદ્ધ અવસ્થાની ઉત્પત્તિ થાય છે અને જેમાં સ્થિર છે તે તો ધ્રુવ કાયમ છે. સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા. જૈનધર્મની આ ક્રિયા. ધ્રુવ સ્વભાવ

ચૈતન્યબિંબ મહાસત્તામાં રુચિ, પરિણતિ કરીને સ્થિર થવું તે જ સંવર, નિર્જરાની જૈનમાર્ગની ધાર્મિક ક્રિયા છે. 'મંગળદાસભાઈ'! હેં?

મુમુક્ષુ : એકમાં આવી ગયું છે શાસ્ત્રમાં તો બધું.

ઉત્તર : જુઓને, શાસ્ત્રનું બધું લખાણ આ માટે છે. શાસ્ત્રમાં લાખ વાત હોય. વાત તો સમજવા માટે બધી કરી કે નહિ? ... '...' વસ્તુ આ.



ચૈતન્ય ભગવાનમાં અનંત ગુણ શાશ્વત પડ્યા છે. શાશ્વત. અને વસ્તુ શાશ્વત (છે). શક્તિ-સ્વભાવ-ગુણ શાશ્વત. તેમાં સ્થિર પહેલા દૃષ્ટિ કરીને, દૃષ્ટિ તેમાં લગાવવી. તેમાં રુચિ થઈ અને સ્વરૂપાચરણ પણ થયું પછી વિશેષ સ્થિર થવું ચારિત્ર છે. તેનાથી સંવર અને નિર્જરા ઉત્પન્ન થાય છે અને આસ્રવ અને બંધનો વ્યય થાય છે. ધ્રુવમાં લક્ષ અને રુચિ કરવાથી અને સ્થિર થવાથી સંવર, નિર્જરાની પર્યાયનું ઉત્પન્ન થવું અને અશુદ્ધ આસ્રવ, બંધનો નાશ થવો. અજીવતત્ત્વ તો એવું છે કે, અહીંયાં આસ્રવનો નાશ થાય છે તો કર્મની પર્યાય પણ પોતાને કારણે પલટી જાય છે. કહો, સમજાણું કાંઈ?

**'આ આત્મા નિશ્ચયથી જન્મ, જરા, મરણ રહિત અવિનાશી છે...'** આત્મા જન્મે છે? આત્મા જન્મે? જન્મે કોણ? આ શરીરના સંયોગને લોકો જન્મ કહે છે. શરીરના સંયોગને જન્મ કહે છે. આ શરીર, શરીર. આત્મામાં જન્મ ક્યાં છે? આત્મા જન્મે એટલે નવો ઉત્પન્ન થાય છે? આત્મા મરે એટલે નાશ થાય? જરા, મરણ, જન્મથી રહિત ભગવાનઆત્મા અવિનાશી **'સામાન્ય અને વિશેષ ગુણોનો સમૂહ છે.'** લ્યો! આત્મામાં અસ્તિત્વ, વસ્તુત્વ આદિ સામાન્ય ગુણ અનાદિથી છે. સામાન્યનો અર્થ જે ગુણ બીજા દ્રવ્યમાં પણ છે (અને) પોતામાં પણ છે. તેને સામાન્ય કહે છે. અને પોતામાં છે અને બીજામાં નથી એવા વિશેષ ગુણ આત્મામાં છે. જ્ઞાન, દર્શન, આનંદ, ચારિત્ર. કહો, સમજાણું કાંઈ? એ વિશેષ ગુણોનો સમૂહ છે. અને એ વિશેષ ગુણ અને સામાન્ય ગુણ જે ત્રિકાળ છે તેમાં એકાગ્ર થવાથી, સામાન્યમાંથી વિશેષ પર્યાય થાય છે. વિશેષ પર્યાય થાય છે તે સંવર, નિર્જરા. સમજાણું કાંઈ?

મિથ્યાત્વશ્રદ્ધામાં સામાન્યનું વિશેષ(માં) અજ્ઞાન અને રાગ-દ્વેષરૂપ જે પરિણમન હતું, ભગવાનઆત્મા સામાન્ય અને વિશેષ ગુણનો પિંડ હોવા છતાં જ્યાં સુધી રાગ ને પુણ્ય ને નિમિત્ત ઉપર રુચિ હતી તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી હતી. જ્યારે ભગવાનઆત્મા સામાન્ય વિશેષ ગુણનો પિંડ છે તો એ ગુણની દૃષ્ટિ ગુણી ઉપર થઈ તો ગુણનો વિસ્તાર વિશેષપણે, નિર્મળ પર્યાયપણે પ્રગટ થયો. એ નિર્મળપણે પ્રગટ થઈ તેનું નામ સંવર અને નિર્જરા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

આપણે બે-ત્રણ દિ' પહેલા એ અધિકાર આવી ગયો છે. આત્મામાં આનંદગુણ છે, આનંદ. આનંદ વિશેષ ગુણ છે, હોં! બીજામાં નથી. હેં? પ્રશ્ન તો કર્યો હતો, છોકરાઓને પૂછ્યું હતું, આદમીને પૂછ્યા હતા. આત્મામાં આનંદગુણ છે. એ આનંદગુણની વ્યાખ્યા શું? ગુણની વ્યાખ્યા તો એ છે કે, ગુણ દ્રવ્યના સર્વ ભાગમાં, સર્વ હાલતમાં રહે છે. દ્રવ્ય તેને કહે છે કે, ગુણના સમૂહને દ્રવ્ય કહે છે. ગુણ તેને કહે છે કે દ્રવ્યના સર્વ ભાગમાં એટલે ક્ષેત્ર અને સર્વ હાલતમાં એટલે દશા. આવ્યું હતું કે નહિ? 'હેમંત'! તે દિ'. છોકરાવ બીજા નહીં હોય.

સમજાણું કાંઈ?

પોતાનો આત્મા વિશેષ ગુણ આનંદ, વિશેષ ગુણ ચારિત્ર. તો ગુણની વ્યાખ્યા શું? ગુણ તો પોતાના દ્રવ્યમાં સર્વ ભાગમાં, સર્વ ભાગનો અર્થ સર્વ ક્ષેત્રમાં. દ્રવ્ય તો છે, તો સર્વ ક્ષેત્ર આવ્યું. એ ગુણ સર્વ ક્ષેત્રમાં (છે). ગુણ તો ભાવ છે. અને સર્વ હાલતમાં, એ પર્યાય થઈ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ચારે આવી ગયા. એ આનંદગુણ છે તે પોતાની પર્યાયમાં દરેક હાલતમાં આનંદ છે, પણ જ્યાં સુધી એને પુણ્ય-પાપની રુચિની શ્રદ્ધા છે ત્યાં સુધી આનંદગુણની અવસ્થા તો છે, એ આનંદગુણની અવસ્થા દુઃખરૂપ છે. 'ચંદુભાઈ'! શું કહ્યું સમજાણું?

આનંદગુણ તો આત્મામાં છે. ત્રિકાળ અતીન્દ્રિય આનંદનો રસપિંડ આત્મા છે. એ અતીન્દ્રિય આનંદગુણની વ્યાખ્યા શું? ગુણ સર્વ હાલતમાં રહે, ગુણ સર્વ હાલતમાં રહે અને સર્વ ક્ષેત્રમાં રહે. સર્વ હાલતમાં રહે તેનો અર્થ શું થયો? કે, આનંદગુણ કોઈપણ પર્યાયની હાલતમાં ન હોય એમ નહિ. ત્યારે (કોઈ) કહે, સંસારી અજ્ઞાની પ્રાણીને અત્યારે તો આનંદ નથી. તો કહે છે, રાગની એકતાબુદ્ધિ કરે છે તો એ આનંદની અવસ્થા ત્યાં દુઃખરૂપ છે. છે, આનંદની અવસ્થા છે. સમજાણું કાંઈ? 'શશીભાઈ'!

કોઈ ગુણની અવસ્થા ન હોય, હાલત ન હોય, એમ ત્રણકાળમાં બને નહિ. ભગવાનઆત્મા! આનંદગુણ સંપન્ન પ્રભુ, તેની હાલત મિથ્યા રાગ-દ્વેષની રુચિમાં છે તો આનંદગુણની હાલત, હાલત તો છે, (પણ) દુઃખરૂપ છે. (આ કહે છે), આનંદગુણ કહેવો અને વળી હાલત દુઃખરૂપ કહેવી. આનંદગુણની અવસ્થા આનંદરૂપ છે? એ ગુણ કોઈપણ અવસ્થા વિના રહેતો નથી. તો તેનો અર્થ શું થયો? 'ચંદુભાઈ'! એ આનંદગુણ, ગુણનો ધરનાર ભગવાનઆત્માની રુચિ થવાથી, તેની પ્રતીત, ભરોસો થવાથી એ આનંદગુણની અવસ્થા આનંદરૂપ પરિણમે છે. મુખ્યપણે આનંદની અવસ્થા આનંદરૂપે પરિણમે છે. ગૌણપણે થોડું દુઃખ છે પણ એ વાત ગૌણ છે. સમજાણું કાંઈ? હેં? રાગ-દ્વેષના પરિણામ (થાય છે) તે ત્યાં ચારિત્રદોષ છે અને તેનાથી વિરુદ્ધ (પરિણમન) થયું, આનંદથી વિરુદ્ધ તે દુઃખઆકુળતા છે. સમજાણું કાંઈ?

'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' આ છોકરાઓને આવડે છે કે નહિ? ભઈ, આ નાના છોકરાઓ છે કે નહિ? ગુણ કોને કહેવો? આવે છે ને? ભાઈ! ગુણ તેના દ્રવ્ય અને વસ્તુના દરેક ભાગમાં એટલે એની દરેક ક્ષેત્રની સ્થિતિ અવગાહનામાં ગુણ વ્યાપેલો હોય છે, રહેલો હોય છે. અને એ ગુણ એની દરેક હાલતમાં ઉપસ્થિત હોય છે. હાલત વિનાનો એ ગુણ હોઈ શકે નહિ. આ તો 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં છોકરાને શીખવે એની વાત છે. શું (કહ્યું)? 'રાજમલજી'! સમજાણું કાંઈ?

એ આનંદગુણ.. ભગવાનઆત્મા વિશેષ ગુણ અને સામાન્ય ગુણનો સમુદાય છે. એવો આત્માનો અંતર્મુખ થઈને વિશ્વાસ, રુચિ, ભરોસો, શ્રદ્ધાનું પરિણમન થયું તો જેટલા આત્મામાં ગુણ છે (તે) સર્વ ગુણના અંશરૂપ વ્યક્તપણે પરિણમન સમ્યગ્દર્શનની સાથે થાય છે. કેમકે સમ્યગ્દર્શન આખા પૂર્ણ દ્રવ્યને પ્રતીત કરે છે. પૂર્ણ દ્રવ્યને. તો દ્રવ્ય પૂર્ણ ગુણનો પિંડ છે, બધા ગુણોનો પિંડ છે. આખા દ્રવ્યની પ્રતીતિ કરવાથી, આખા દ્રવ્યના જેટલા ગુણ છે તેટલા સમ્યક્શ્રદ્ધામાંથી જ્યાં પર્યાય પ્રગટ થઈ તો અનંત ગુણની પણ અંશે પ્રગટ દશા થાય છે. આહા..! આવી સાદીસીધી વાત એના ગોટા વાળે છે, લ્યો! સમજાણું કાંઈ? અહીં એ પોતે કહેશે, હોં! આવી સાદી વાત છે, ભગવાન! સીધી વાત છે.

આત્મા પ્રસિદ્ધ છે, પ્રગટ છે. વસ્તુ છે એ પ્રગટ છે કે નહિ? કે અપ્રગટ અવરાઈ ગયો છે? દ્રવ્ય ઢંકાઈ ગયું છે? સમજાણું કાંઈ? પ્રગટ તત્ત્વ છે, પ્રગટ તત્ત્વ છે. પ્રગટ એટલે છે. છે એ સત્તાવાળું તત્ત્વ છે. સત્ તે સત્તાવાળું, હોવાવાળું, સતરૂપ, સત્ત્વરૂપ (છે) તો એના ગુણો, સત્‌ના ગુણો શાશ્વત છે. સત્ જેમ શાશ્વત છે એમ ગુણો પણ શાશ્વત છે. એની દરેક હાલતમાં ગુણ રહે નહિ તો ક્યાં જાય? 'ચીમનભાઈ'! આહાહા..!

અહીં તો પહેલો પ્રશ્ન મગજમાં ઉઠ્યો હતો. **'અજર અમર ગુણોનો નિધાન...'** એમ આવ્યું હતું ને? મેં કીધું, આ એક વાત ઠીક છે. છે તો આત્મા, સંસ્કૃતવાળાને પૂછવું જોઈએ ને? પંડિતને પૂછ્યું. સમજાણું કાંઈ? એ તો ભગવાનઆત્મા અજર અમર છે

તો એના ગુણ પણ અજર અમર છે અને ગુણ અજર અમર છે તો આત્મા પણ અજર અમર છે. આહાહા..! વાત ઈ છે કે એણે વિશ્વાસની સરાણે ચડાવી નથી. સરાણે સમજો છો? આ છરી નથી સાફ કરતા? ધાર લગાવે છે. એમ ભગવાનઆત્મા પોતાની શ્રદ્ધાના ભરોસાની ધારમાં ચડાવ્યો નથી. આત્માને ભરોસાની ધારમાં ચડાવે તો એક સેકંડના અસંખ્ય ભાગમાં જેટલા સામાન્ય, વિશેષ ગુણનો પિંડ છે તેટલા બધા ગુણનો એક અંશ પરિણમન વ્યક્તપ્રગટ થઈ જાય છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'કર્મોથી અને શરીરોથી ભિન્ન...'** ભગવાનઆત્મા..! કર્મ તો જડ અજીવતત્ત્વ છે. શરીર પણ અજીવતત્ત્વ છે, ભિન્ન છે. **'જ્યારે પોતાના આત્માને જોવામાં આવે છે...'** ભિન્ન છે એમ જોવામાં આવે છે. સમજાણું કાંઈ? એ તો કાલે કહ્યું હતું ને? ભગવાને આત્માને કેવો જોયો છે? મલિન પર્યાય દેખાય તો મલિન પર્યાય આસ્રવતત્ત્વની છે. ખરેખર એ આત્મતત્ત્વ છે જ નહિ, એ આસ્રવતત્ત્વ છે. આહાહા..! આત્મા ભગવાન છે. સર્વજ્ઞદેવે ત્રિલોકનાથ પરમેશ્વરે આમ આત્મા જોયો-દેખ્યો. ઓ..હો..! એ તો પૂર્ણાનંદ પ્રભુ છે. રાગાદિ આસ્રવતત્ત્વમાં જાય છે. કર્મ, શરીર અજીવતત્ત્વમાં જાય છે. એવો સમાન્ય, વિશેષ ગુણનો પિંડ પ્રભુ... કહે છે કે, શરીર અને કર્મોથી ભિન્ન જોવામાં આવે તો તે શુદ્ધ જ દેખાય છે.

મુમુક્ષુ : ક્યારે?

ઉત્તર : એવો છે. અત્યારે, ક્યારે શું? 'નવરંગભાઈ'! પણ શુદ્ધ છે એ તો સિદ્ધ કર્યું. આત્મા જેને કહીએ, જ્ઞાયકભાવ કહીએ, તેમાં આસ્રવ ક્યાં આવ્યો? પર્યાયતત્ત્વ જે આસ્રવ છે એ તો જ્ઞાયકભાવ તત્ત્વથી ભિન્ન છે. હેં? આહાહા..! શરીર, કર્મ તો અજીવતત્ત્વ તદ્દન ભિન્ન છે. એ તો તદ્દન ભિન્ન છે. એ આસ્રવ તો એક સમયમાં અનિત્ય તાદાત્મ્યરૂપ દેખાય છે પણ નિત્ય તાદાત્મ્ય સ્વભાવની અપેક્ષાએ એ પર્યાય પણ સંયોગીભાવ પરદ્રવ્ય જ છે. આહા..! સમજાણું કાંઈ? નિત્ય તદાત્મ્ય સ્વભાવ, જ્ઞાન, આનંદાદિ તદાત્મ્ય સ્વભાવે જોવાથી તો, અનિત્ય જે એક સમયની (પર્યાય) તદાત્મ્ય છે તે, નિત્ય ત્રિકાળ સ્વભાવને જોવાથી તે ભાવ પણ સંયોગમાં જાય છે. 'નવરંગભાઈ'! એ કર્તા-કર્મમાં આવ્યું છે. પહેલી ૬૯ અને ૭૦ ગાથામાં (આવ્યું છે). ૬૯-૭૦માં એને સંયોગભાવ કહ્યા છે. સંસ્કૃત ટીકા, 'અમૃતચંદ્રાચાર્યદેવ'. કારણ છે, વસ્તુ સ્વભાવ નથી. સમજાણું કાંઈ? જેવો છે તેવો દેખવાથી દૃષ્ટિ શુદ્ધને જોવે છે. આહાહા..! વાત પણ એ આત્મા કેવો એની એને ખબર નથી. તેની ચીજની ખબર વિના એને ધર્મ કરવો છે, લ્યો! શું કરવું? ધર્મનો પિંડ તો એ છે. ધર્મ શબ્દે સ્વભાવ. સ્વભાવનો પિંડ ધર્મી છે. હવે સ્વભાવપિંડ ધર્મી છે તેની દૃષ્ટિ અને તેનું જ્ઞાન કર્યા વિના ધર્મ કરવો છે, ક્યાંથી કરે? સમજાણું કાંઈ?

**(પ્રવચનનો શેષ અંશ આવતા અંકમાં...)**


## પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો You tube ઉપર

પરમ ઉપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રકાશિત પુસ્તકોના પ્રવચનો You tube ઉપર હવે ગુજરાતી તથા હિન્દી Subtitle સાથે જુઓ. You tube માં Satshrut prabhavna channel પર જઈ આ પ્રવચનો સાંભળી શકો છે. હવે પછી રાજ-હૃદય, કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી ગ્રંથ ઉપર પ્રકાશિત થયેલા પ્રવચનોનો પ્રારંભ કરવામાં આવશે. દર રવિવારે સવારે ૧૧ વાગે આ પ્રવચનો Live પ્રસારણ કરવામાં આવે છે જેનો લાભ લેવા સર્વ મુમુક્ષુઓને વિનંતી. Channel ને Subscribe કરવાથી આગામી પ્રસારિત પ્રવચનોનું તમને અગાઉથી Notification મળી જશે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૨૬૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૩-૬-૧૯૮૩, પ્રવચન નં. ૧૧૯**
**(વિષય : માર્ગદર્શન)**

**પ્રશ્ન :- આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ ?**

**ઉત્તર :- અરે ભાઈ ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે ? મારી પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમે ક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થી ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું ? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી ?-દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (-શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.-એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી. ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.**

**સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવસે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે. જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે. ૨૬૩.**

(૨૦:૦૦ મિનિટથી..)

જે અનંતાનુબંધીના કષાયના પરિણામ સંસારી જીવને થાય એવા સમ્યગ્જ્ઞાનીને થતાં નથી, થઈ શકતા પણ નથી, થઈ શકતા જ નથી. એની અશક્તિ છે, એવું કાર્ય કરવા માટે તે અશક્ત છે. જેમ કોઈ આર્ય સજ્જન માણસને એમ કહે કે તમે માગો તે આપું, ફલાણાનું ખૂન કરી નાખો. તમને હથિયાર, સાધન વ્યવસ્થા બધું ગોઠવી દઈએ. ફક્ત તમારે ખૂન

કરવાનું છે. અને એ ખૂન કરો તોપણ તમને કોઈ જાતનો વાંધો અને આંચ ન આવે એવી વ્યવસ્થા પણ ગોઠવી દઈએ. ઠીક! કરે ખરા? કે એ પરિણામ એનાથી થઈ શકતા નથી. થઈ શકતા નથી એમ કહેવું છે. પરિણામ યોગ્યતા બહાર થઈ શકતા જ નથી. આ એક વસ્તુવ્યવસ્થા છે. સવિકારી કે અવિકારી પરિણામ યોગ્યતા બહાર થઈ શકતા નથી. યોગ્યતા સમય સમયની છે, યોગ્યતા છે તે સમય સમયની છે. પ્રત્યેક સમયે જે પદાર્થની જેવી યોગ્યતા તે પદાર્થની તે જ સીમામાં, તે જ મર્યાદામાં પરિણમન થવું એ સિવાય બીજું થવું અશક્ય છે. આ વસ્તુસ્થિતિ છે પરિણામના વિષયમાં.

અહીંયાં કહે છે કે જે જ્ઞાની છે, ધર્મી છે, જાગૃત છે, સમ્યગ્જ્ઞાનરૂપી જેને લગામ છે એના કષાયના પરિણામ પણ મર્યાદિત થાય છે. એટલા માટે અવિરત સમ્યગ્દૃષ્ટિને પણ ૪૭ પ્રકૃતિનો બંધ થાય એવા પરિણામ થતા નથી, થતા જ નથી. એટલે એને બંધ નથી એમ કહેવામાં આવે છે.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની સંભાવના છે. આર્તધ્યાન તો ચાલે જ છે. ધર્મધ્યાન અને આર્તધ્યાન બે ધ્યાન વર્તે છે. ધ્યાનના પરિણામમાં બે કટકા થઈ ગયા. એક ધર્મધ્યાન આંશિકપણે છે અને આંશિકપણે આર્તધ્યાન છે સવિકલ્પદશામાં. ક્યારેક ચોથા-પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાન પણ થાય. તોપણ તે ધ્યાનની જે ગતિના પરિણામ તિર્યંચગતિ અને નરકગતિ એ સમ્યગ્દૃષ્ટિને એનો બંધ પડે નહિ. એવું નામ, આયુષ્ય, ગોત્ર ન બંધાય એને. અઘાતિ છેને? ચારેય અઘાતિ ન બંધાય. એવી અશાતા, એવુ નામ, એવું ગોત્ર અને એવું આયુષ્ય. એ ચારેયનો બંધ એને ન પડે કે જે તિર્યંચ અને નરકને હોય. નહિતર આર્તધ્યાનનું એ ફળ છે અને રૌદ્રધ્યાનનું એ ફળ છે. છતાં એ ફળ એને આવતું નથી. કેમકે એનો જે રસ છે એ અપૂર્વ ચૈતન્યરસ છે તે તેનો રસ છે અને બાકીના પરિણામમાં એનો રસ છે નહિ. લુખ્ખા પરિણામ છે. તેથી એવા નિરસ પરિણામમાં નિદ્ધત અને નિકાચિત બંધ પડતો નથી. એ એની સહજ સ્થિતિ છે.

એ દૃષ્ટિએ **'પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે.'** પર્યાયને કાબુમાં રાખવાનો રાગ અને ઈચ્છા કર્યા વિના પણ, કર્યા સિવાય પણ એક ઉપલક્ષણથી જોવે તો પર્યાય એના કાબુમાં આવી ગઈ છે. ક્ષણ ક્ષણ એનો કષાય ઘટતો જશે એવી પર્યાયની સ્થિતિ છે અને ક્ષણે ક્ષણે એની શુદ્ધતા વધતી જશે એવી એની સ્થિતિ છે. એટલે પ્રતિક્ષણ મોક્ષ પ્રત્યે મોક્ષમાર્ગમાં અનન્ય ભાવે તે આગળ વધી રહ્યો છે અને પર્યાયમાં ફેરફાર કરવાનો પ્રશ્ન પછી રહેતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયા એટલે આ સમ્યગ્જ્ઞાનીને? એ તો વધતી જ જાય છે. તેવીને તેવી રહેતી નથી પણ વધતી જ જાય છે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- અવરાવાનો સંભવ છે પણ એવી શંકા પડતી નથી. પ્રવર્તમાન પરિણમનને કારણે એને શંકા પડતી નથી. જેમ કે મોટર ચલાવવાવાળાને એક્સીડન્ટની સંભાવના છે. પણ એ નિશ્ચિંતપણે જ ચલાવે છે ચલાવે છે ત્યારે. કે શંકા રાખીને ચલાવે છે? જો શંકા પડે તો ચલાવે નહિ. એને સેલ્ફ કોન્ફિડન્સ નથી એમ કહેવામાં આવે છે. આત્મવિશ્વાસ સાથે એ કાર્ય ચાલે છે. અને પ્રતિસમય જે વધતું નિર્મળ પરિણમન છે, એમાં એને કોને પૂછવા જાવું છે કે હવે આમાં શું થવાનું છે? કે એને એ શંકા અને અવિશ્વાસ ઉત્પન્ન થતો નથી. (શુદ્ધતા) વધતી જ જાય છે. અને પૂર્ણ થઈ જઈશ, અલ્પકાળમાં પૂર્ણ થઈ જઈશ એવી એને નિઃશંક, મોક્ષની પણ નિઃશંક પ્રતીતિ છે.

જેને બંધ-મોક્ષના અભાવરહિત સ્વદ્રવ્યની નિઃશંક

પ્રતીતિ છે એને પર્યાયના મોક્ષની પણ નિઃશંક પ્રતીતિ છે. એટલે આવીને આવી પરિસ્થિતિ ચાલુ રહે નહિ, વધતી જ જાય છે પ્રતિ સમયે. પછી આવીને આવી એનો પ્રશ્ન નથી. વધતી જ જાય છે... વધતી જ જાય છે... વધતી જ જાય છે. એની ગતિ જ આગળ થતી જાય છે. મોક્ષ પ્રત્યેની ગતિ થઈ જાય છે.

મુમુક્ષુ :- ક્ષાયિક સમકિત હોય એનેને?

પૂજ્ય ભાઈશ્રી :- ક્ષાયિક ન હોય અને ક્ષયોપશમ હોય તોપણ.

મુમુક્ષુ :- વમી ગયું તો?

પૂજ્ય ભાઈશ્રી :- વમી ગયો તો મિથ્યાત્વ થઈ ગયું. વમી જાય એને મિથ્યાત્વ થઈ ગયું. એ તો અર્ધપુદ્ગલ પરાવર્તન સુધી વધુમાં વધુ કાળ જન્મ-મરણ કરે. ઓછામાં ઓછો કોઈપણ બીજા સમયે પણ પાછો એ સમ્યક્માં આવી જાય. અંતર્મુહૂર્તમાં પણ. ત્રીજા સમયમાં એટલે જઘન્ય અંતર્મુહૂર્તમાં પણ એ પાછો શુદ્ધાત્માના અનુભવમાં આવી જાય અથવા અર્ધપુદ્ગલપરાવર્તનમાં ક્યારેક પણ આવી જાય. આવી જાય એ તો આવી જ જાય. એણે જે સ્વાદ લીધો છે, એને જે અસ્તિત્વ ભાસ્યું છે એના કારણે એ અનંતકાળ પરિભ્રમણ કરશે નહિ. ક્યાંય ઠરીને ઠામ નહિ થાય અનંતકાળ પર્યંત.

શ્રીમદ્જીએ લીધું છે આમાં, પડી જાય છે છતાં કેમ પકડી લે છે? એ અસ્તિત્વના બોલમાં એમણે લીધું છે. નહિતર તો અનુભવમાં લેવું જોઈએ. પણ એમણે તો અસ્તિત્વમાં એ વાત લઈ લીધી છે. આગળ વાત લઈ લીધી છે. સમ્યગ્દર્શન પહેલા સન્મુખતામાં એ વાતનો સંબંધ લઈ લીધો છે. અસ્તિત્વ એક વખત પણ ભાસે તો તે દૃષ્ટિની માફક નજરાય છે. નજરાયાથી આત્મા ત્યાંથી ખસી શકતો નથી. હવે આગળની એ વાતમાં એ વાત અનુસંધાનમાં છે કે જો આગળ વધે તોપણ પગ પાછા પડે છે. છટકી જાય છે ત્યાંથી. આગળ કષાયના પરિણામમાં, ઊંધી દિશામાં જરાક આગળ વધે ત્યાં એને નિર્બળતા-કષાયની નિર્બળતા ઊભી થાય છે. જેમ કોઈ નિર્બળ માણસ ઊભો થવા જાય, ચાલવા જાય અને પડી જાય. એમ નિર્બળ થઈ ગયેલો જે કષાય કદાચ જરાક આગળ વધે તો પાછો પડે છે. આગળ વધે તોપણ પગ પાછા પડે છે અર્થાત્ તેની પ્રકૃતિ જોર ખાતી નથી. એક વખત સમ્યક્ત્વ આવ્યા પછી તે પડે તો પાછો ઠેકાણે આવે છે. પાછું એને સમ્યક્ત્વ થઈ જાય છે. એમ થવાનું કારણ, એમ થવાનું મૂળ કારણ. અહીંયાં 'મૂળ' શબ્દ વાપર્યો છે. એમ થવાનું મૂળ કારણ અસ્તિત્વ ભાસ્યું તે છે. એકવાર એને ઘર ભાસી ગયું, પોતાની સત્તા ભાસી કે પ્રત્યક્ષ સ્વરૂપે આવો છું. એ પછી એને ચોંટ મારી છે જે એને એ ચોંટ એની અનંત કાળ પર્યંત ખસતી નથી. એમ છે. એક વખત એને અંદરમાં ચોંટ ખાવી જોઈએ.

માણસ ઓછી સમજણમાં ... ગયો હોય તો એના સંસ્કાર જાતા નથી. સ્વપ્નું આવી ગયું હોય કે કાંઈ એવો ભાસ થઈ ગયો અને એવી બહુ તીવ્ર પરિણામથી લાગી ગઈ હોયને? તો પછી એવું કાંઈક જોવેને ત્યાં ઓલો ભય થઈ આવે. એવું કાંઈક જોવે ત્યાં ઓલો ભય થઈ આવે. એ તો એક પરદ્રવ્ય સંબંધિત છે. જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સર્વથા ભિન્ન છે. એવા વિષયના પણ પરિણામ આટલી અસર ભોગવે છે, તો અનંત અદ્ભુત આશ્ચર્યકારી મહિમાવંત જે આત્મતત્ત્વ છે એની ચોંટ પરિણામે ખાધી હોય, એને એનું અસ્તિત્વ ભાસી ગયું છે. અસ્તિત્વ જોઈ ગયો છે એ કે મારી સત્તા આવી છે. આવી મારી સત્તા છે. પતી ગયું. એ સમ્યગ્દર્શન તો પામશે પણ પામીને પડી જશે તોપણ ઠેકાણે આવવાનું કારણ એને આ અસ્તિત્વ ભાસ્યું એ મૂળ કારણ છે. એવી વાત લીધી છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને એ પ્રશ્ન નથી. પણ આ તો જ્ઞાન કરાવે છે. પ્રશ્ન ઊઠે, અસમાધાન થાય તો એનું આ સમાધાન છે. બાકી જે મોક્ષમાર્ગમાં સમયે-સમયે, ક્ષણે-ક્ષણે અનન્યભાવે પ્રવર્તી રહ્યો છે તેની નિઃશંકતા પણ અલૌકિક છે. સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે અને નિર્ભય છે. નિર્જરા અધિકારમાં સાત બોલ લીધા છે. એની નિઃશંકતા પણ અલૌકિક છે! એનું માપ જગતના પદાર્થોથી નીકળે એવું નથી. એવી અનુપમ નિઃશંકતા છે. એટલે તો ત્યાં દૃષ્ટાંત લીધા છે કે વજ્રપાત થાય તો? અરે..! ચૌદ બ્રહ્માંડ ભલેને ફરી જાય પણ એની નિઃશંકતા ફરતી નથી. એવો હાજરાહજૂર પરમાત્મા ઊભો છેને. પછી એને બીજું શું ઓથ લેવાનું કારણ છે? એને કોઈ સંયોગ ઓથ લેવાની કોઈ જરૂર નથી.

આવા પરમાત્માના આધારે પરિણમન પ્રવર્તે છે એની નિઃશંકતા પણ અભેદ પરિણમનને કારણે અલૌકિક છે. શંકા તો જ્યાં ભેદવાળું પરિણમન હોય ત્યાં થાય, ખોટું પડતું હોય ત્યાં થાય કે કોને ખબર આજે આમ થાય છે અને કાલે આમ થશે તો? જ્યાં અભેદ પરિણમન છે ત્યાં એની નિઃશંકતા પણ અલૌકિક છે અને એ પરિણમનની .. એવી છે કે એને કોઈ વાત પૂરી ભાષામાં આવે નહિ ત્યાં એને કહે કેવી રીતે? એ કોઈ કહેવાનો વિષય નથી. એ તો એમ કહીને રહી જવું પડે છે કે અવક્તવ્ય છે, કહેવાય એવું નથી, અનિર્વચનીય છે પણ એ નિઃશંકતા પણ અલૌકિક અને અભૂતપૂર્વ હોય છે, ક્યારેય પૂર્વે ન થયેલી એવી હોય છે. એટલે એમાં એને જરા પણ શંકાનો અવકાશ નથી.

**'પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?'** હવે એક બીજો ન્યાય આપે છે અહીંયાં કે આ પર્યાયો આવે છે ક્યાંથી? કે દ્રવ્યમાંથી. બીજા અન્ય દ્રવ્યમાંથી તો આવતી નથી. સ્વદ્રવ્યમાંથી પોતાની પર્યાય ઉત્પન્ન થાય છે. **'માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું...'** એમ. જેનો દ્રવ્ય ઉપર કબજો છે એટલે પોતાના પઝેશનમાં છે સ્વદ્રવ્ય તો, કાંઈ કરવું નથી પઝેશન, પોતે જ છે એ તો, એમ જ્યાં ભાન થયું એને સ્વદ્રવ્ય ઉપર કાબુ લીધો. હું પોતે જ આવો છું પરમાત્સ્વરૂપે ત્યાં એણે કાબુમાં લઈ લીધો. એને પોતાના કાબુમાં આવી ગયો, કબજામાં આવી ગયું.

એ સોગાનીજીએ બહુ સારો ટોન ઉપસાવ્યો છે આ વિષયમાં કે દૃષ્ટિ ભલે, સમ્યગ્દર્શનરૂપ સમ્યગ્દૃષ્ટિ એ દૃષ્ટિ ભલે એ ગુણની એક પર્યાય છે, આખું દ્રવ્ય નથી એ કાંઈ, એ તો આખા દ્રવ્યના અનંતગુણો માહેના એક ગુણની એક સમયની પર્યાય છે તોપણ તેનું કાર્ય આખા દ્રવ્યને, પરિપૂર્ણ દ્રવ્યને, અનંત સ્વભાવી દ્રવ્યને કબજામાં લેવાનું છે. દૃષ્ટિએ જ્યાં દ્રવ્ય ઉપર કબજો લીધો, બસ! જાણે વાત પૂરી થઈ ગઈ. એક અપેક્ષાએ, એક ન્યાયે તો એને વાત પૂરી થઈ ગઈ. જેને ઘરમાંથી દોલત મળી, પૂરી શ્રીમંતાઈ એને પ્રાપ્ત થઈ ગઈ. પણ હજી તો ભોગવી નથી. એ ભોગવી નથી તો ભોગવશે હવે. હવે એમાં એને શંકા પડતી નથી.

એટલે એમ કહ્યું કે દ્રવ્યમાંથી પર્યાય આવે છે અને **'જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું...'** એટલે શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું **'ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ...'** દ્રવ્ય કાબુમાં આવ્યું ત્યાં પર્યાયો કાબુમાં ન આવી એ પ્રશ્ન રહેતો નથી. **'પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી.'** એ એનો કાબુ છે. આવા સ્વદ્રવ્યપણે છું, આવા સ્વરૂપે છું એમ સ્વીકારનાર શ્રદ્ધા-જ્ઞાનમાં સમ્યક્પણાની નિર્મળતા થઈ ગઈ એ જ એનું કાબુપણું છે. કાબુમાં બીજું શું કરવું છે? કે સમ્યક્ હોવું જોઈએ, પરિણમન નિર્મળ હોવું જોઈએ. એ તો થયું. એને કરવાની ઈચ્છા થઈ અને કર્તૃત્વના અભિપ્રાયથી ન થાય. પણ આ વિધિએ થાય છે. તો તારે થાય છે એથી મતલબ છે કે તારે કર્તૃત્વ

સાથે મતલબ છે?

એક શું પરિસ્થિતિ છે કે પુરુષાર્થનું સ્વરૂપ જીવે કલ્પિત રીતે અન્યથા નક્કી કર્યું છે. બીજી રીતે નક્કી કર્યું છે, વિપરીત રીતે નક્કી કર્યું છે. કરવું... કરવું... કરવું... કરવું... એમ જોર આવે કાંઈક કરવાનું અને પછી કાર્ય થાય એનું નામ પુરુષાર્થ કર્યો. કરું.. કરું થાય, કોઈપણ કાર્યના વિષયમાં કરવાનું જોર આવે, એ કાર્ય કરવાનું જોર આવે ઈચ્છામાં અને પછી કાર્ય કરે ત્યારે એને પુરુષાર્થપૂર્વક કાર્ય કર્યું એમ સમજે છે. આ પ્રકારે જે પુરુષાર્થનું સ્વરૂપ જીવ સમજ્યો છે એને પુરુષાર્થના સ્વરૂપની ખબર નથી. સમ્યક્ પુરુષાર્થ કેવો હોય એના સ્વરૂપની એને ખબર નથી. એટલે એ પોતાની કલ્પના પ્રમાણે પુરુષાર્થ કરીને સ્વકાર્ય કરવા માગે છે કે હું મારા પરિણામને સમ્યક્ કરું, મારા પરિણામને શુદ્ધ નિર્મળ કરું, એમ એને પરિણામના કરવા ઉપર જોર લગાવીને પુરુષાર્થ કરવાનો જે વિચાર આવે છે એ પ્રકારે તો એવા પરિણામ, કરોડ પ્રકારના કોટી ઉપાય એને કહે છે, કોટી ઉપાયે પણ એને સમ્યક્ થતું નથી અને એને શુદ્ધતા થતી નથી. એને પરિણામમાં એ રીતે કંટ્રોલ કરી શકાતો નથી.

એટલે દ્રવ્યના આશ્રયે પર્યાય નિર્મળ થવા લાગી ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એમ સમજાય છે, એમ અનુભવાય છે. **'જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યક્‌જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.-'** જ્યાં આત્મસ્વભાવ નક્કી થયો, આત્મસ્વરૂપ શ્રદ્ધા-જ્ઞાનમાં નક્કી થયું ત્યાં નક્કી કરનાર શ્રદ્ધા અને જ્ઞાન પોતે સમ્યક્ થયા અને પરિણામમાં નિર્મળતા વ્યાપી. બસ! સમ્યક્‌તા પરિણામમાં ઉત્પન્ન થઈ. એ કરવાયોગ્ય તે થયું.

**'એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે.'** જુઓ! આ એક વિશેષ વાતને પાકી કરી છે અહીંયાં કે આમ નહોતું થતું અને આમ થવા લાગ્યું એમાં એને કાંઈ નવીન નથી લાગ્યું. પોતાનું સ્વરૂપ જોતાં પોતાની વસ્તુનો સ્વભાવ, વસ્તુ ધર્મ કહો કે વસ્તુનો સ્વભાવ આમ જ પરિણમવાનો છે. બીજી રીતે પરિણમવાનો વસ્તુનો સ્વભાવ નથી. એમ પણ વસ્તુની પ્રતીતિ અને જ્ઞાન ત્યાં વર્તે છે. કેવું પાકું થાય છે! આવું શુદ્ધ પરિણમન થયું, કેમ થયું એ પણ એનો કોઈ વિસ્મય કે એનું કોઈ આશ્ચર્ય કે એની કોઈ શંકા-આશંકા થાય, અજાણપણું થાય એમ નથી. વસ્તુ આમ જ પરિણમે એ વસ્તુનો સ્વભાવ છે. વત્થુ સહાવો ધમ્મો. ધર્મની પરિભાષા અથવા સૂત્ર એ પ્રમાણે કરેલું છે. શબ્દ અનુસાર અર્થ કરવો તેને પરિભાષા કરવી એમ કહેવામાં આવે છે.

સમયસારની પહેલી ગાથાની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રદેવ (કહે છે કે) હું આ સમયસારની ટીકા કરું છું. એમાં એ શબ્દ વાપર્યો છે કે હું પરિભાષણ કરું છું. પરિભાષા-વ્યાખ્યા-ડેફીનેશન જેને આપણે કહીએ છીએ. એ પરિભાષણ. એનું નામ છે તે પરિભાષણ. ત્યાં એનો અર્થ કર્યો છે કે જેવો ભાવ, જેવો અર્થ હોય તેવી ભાષા કરવી એને પરિભાષા કહે છે. અહીંયાં એમ કહે છે કે વસ્તુનો જેવો સ્વભાવ છે તેવું જ તેનું પરિણમન થાય તે ધર્મની પરિભાષા છે. એને ધર્મ કહેવાય. એવી ધર્મની પરિભાષા છે. ધર્મ કોઈ રૂઢિ, રિવાજ એ કોઈ ધર્મનું સ્વરૂપ છે નહિ.

સામાન્ય રીતે અંધશ્રદ્ધાથી જે કાંઈ સંપ્રદાયમાં રીત-રિવાજો હોય છે એને ધર્મ માની બેસવામાં આવે છે. માળા ફેરવવી કે પૂજા કરવી કે ઉપવાસ કરવો કે દાન દેવું એ કોઈ ધર્મનું સ્વરૂપ નથી એમ કહે છે. એ ધર્મ નથી અને ધર્મનું એવું સ્વરૂપ નથી. ધર્મનું સ્વરૂપ તો વસ્તુનો જેવે સ્વભાવ છે તે ધર્મ છે અને તેનું પરિણમન થવું તે પ્રગટ ધર્મ છે. વસ્તુનો સ્વભાવ પોતે ધર્મી છે. એવો ધર્મને ધારણ કરનાર પોતે ધર્મી છે. અને એનું

પરિણમન થવું, એવું જ પરિણમન થવું તે તેનો ધર્મ છે. આ સિવાય ધર્મની બીજી કોઈ પરિભાષા નથી.

પહેલુંવહેલું જૈનદર્શનનું એ સૂત્ર વાંચ્યું ત્યારે બધા વિચારો ખુબ આવ્યા. કેટલા કેટલા ક્રિયામાં લોકો ધર્મ માને છે. જરાક દયા પાળે તો કહે ધર્મ પાળ્યો. ગુરુદેવશ્રી દૃષ્ટાંત આપતા કે ધર્મ તો એવો વિકૃત કરી નાખ્યો છે કે વાઘરો–માગણ એમ કહે કે એ બાપુ! એક બીડી આપજો, ધર્મ થાશે. શું કહેતા? બીડી પીવી તે વ્યસન છે અને અધર્મ છે. ધર્મને ત્યાં સુધી લૌકિકમાં ગોઠવે કે એક બીડીનું કોઈ દાન આપે તો એને ધર્મ ઠરાવે. કોણ? માગનાર. મને એક તમે બીડી આપો તો તમને ધર્મ થશે. ત્યાંથી માંડીને ધર્મને એટલો સસ્તો કરી નાખ્યો કે ઠીક પડે એમ પોતાની કલ્પના પ્રમાણે (માનવા લાગ્યા). માંદો પડે ત્યાં ઊંટવૈદ ન લાવે. ત્યાં તો બરાબર જાણકાર ડૉક્ટર હોય એના સિવાય કોઈની દવા કરવી નથી. મરવું તો સારા ડૉક્ટરના હાથે, એમ કહે. ભલે સાજો નહિ કરી દે પણ મરું તો એના હાથે એમ કહે. એટલે કે એની પસંદગી માટે બીજું કાંઈ આડુંઅવળું જોઈએ નહિ. અને ધર્મમાં કુંભાર અને વાળંદ હોય તો વાળ કાપતા-કાપતા ધર્મની ફિલોસોફી હાંકે. એમાં બધાને છૂટ. મોકળું ક્ષેત્ર છે, કોઈ રોકટોક કરનાર તો છે નહિ.

ગુરુદેવશ્રી અફસોસ કરતા કોઈ વાર કે અરે..રે..! આ ક્ષેત્રે ધર્મધુરંધરો એવા તીર્થંકરોનો અભાવ થઈ ગયો અત્યારે. કોઈ રોકટોક કરનાર રહ્યા નહિ. અતિપુણ્યવંત છેને. એટલે એમની સામું કોઈ અવાજ ન ઉઠાવી શકે. બીજા છદ્મસ્થ જીવ કોઈપણ ધર્મના વિષયમાં પ્રવૃત્તિ કરે કે આવો ધર્મ છે એમ પ્રસિદ્ધ કરે, .. પ્રવૃત્તિ એને કહે છે, તો પૂરા પુણ્ય નહિ હોવાથી એનો વિરોધ થાય એવું બને છે. અને એવો ધર્મ નથી અને આવો ધર્મ છે એમ ઊંધું કહેનારા પણ સામે જોર કરે છે. એ જોઈને એમ કહેતા કે અરે..રે..! અત્યારે ભગવાનનો વિરહ થઈ ગયો. ચોવીસ તીર્થંકરને અહીંયાં તો ૨૫૦૦ વર્ષ થઈ ગયા. કોઈ કહેનાર રહ્યું નહિ. ધણી વગરના ઢોર જેમ ગમે તેમ ફરે, કોઈ ચરાવનાર નહિ. એમ ધર્મના ક્ષેત્રમાં પણ ગમે તે જીવ, સાધારણ પ્રાણી, ગમે તેવા ગમે તેમ ધર્મના નામે ઢોંગ ચલાવે છે એવું બધું અહીંયાં ચાલે છે. અફસોસ કરતા.

કહે છે કે એ અતિ કિંમતી મૂલ્યવાન વસ્તુ છે. જીવને પરિભ્રમણનો નાશ કરનાર, છેદ કરનાર ધર્મ છે અને સર્વ સિદ્ધિનો ઉપાય પણ ધર્મ છે. એનું મૂલ્ય જરા પણ ઓછું આંકવું જોઈએ નહિ. પૂરી ગંભીરતાથી એ વિષયમાં પ્રવેશ કરવો જોઈએ. અથવા પૂરી ગંભીરતાથી એ વિષયને સ્પર્શવો જોઈએ. ઠઠા મશ્કરીથી પણ એ વિષયને સ્પર્શ કરવો જોઈએ નહિ. આ તો ઘણા વક્તા છે એ પણ એ પ્રકારે ચાલે છે. ધર્મના વિષયમાં તો પૂરી ગંભીરતા હોવી જોઈએ. કેમકે એ અતિગંભીર વિષય છે.

શું કહે છે? કે '**વસ્તુનો ધર્મ છે.**' પર્યાયો નિર્મળ થવા લાગી એની જ પર્યાયોનું પરિણમન થવું તે મૂળ ધર્મ છે, વસ્તુનો તે મૂળ ધર્મ છે. એટલે વસ્તુ કેમ આમ પરિણમી ધર્મ સ્વરૂપે નિર્મળ પરિણમી? એ પ્રશ્ન પણ રહેતો નથી. એ વસ્તુના આધારે નિઃશંક થાય છે. '**વસ્તુનો સ્વભાવ ફર્યો નથી.**' વસ્તુનો આવો જે મૂળ સ્વભાવ તે ત્રિકાળ હોવાથી ક્યારેય ફરતો નથી, બદલતો નથી, ફેરફાર થતો નથી. અત્યારે પણ તે ફર્યો નથી. '**ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી.**' શું જોવે છે? કે મારી વસ્તુ આ પ્રકારે ધર્મરૂપે પરિણમવાના સ્વભાવવાળી છે તે ક્રમસર પરિણમી રહી છે, એમાં ધારા તૂટતી નથી. એમ અનુભવી જોવે છે એની નિઃશંકતા કેટલી! જે અનંત સામર્થ્યવંત પદાર્થના આધારે નિઃશંકતા થાય એ નિઃશંકતામાં પણ અનંત શક્તિ રહેલી છે.

જેમ જડ પરમાણુ જડત્વપણે અનંત છે. એક

રજકણને કોઈપણ અનંત પ્રકારના પ્રયોગ દ્વારા સચેતન કરી શકાય નહિ એવું એનું અનંત જડત્વ છે. કેમકે જે સ્વભાવ હોય તે અનંત હોય છે, પરિપૂર્ણ હોય છે, તે અલ્પ અને અધૂરો હોતો નથી. એમ ચૈતન્યનું ચૈતન્યપણું તે અનંત અને પરિપૂર્ણ છે, એમાં ક્યાંય અધૂરાશ છે નહિ.

'**ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં...**' આવો છું... આવો જ છું... આવો જ છું... એમ સ્વીકાર કરતા '**પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.**' સહજ પરિણમન થયું એમાં પણ સહજ પુરુષાર્થ સાથે ને સાથે આવી ગયો. એમાં પુરુષાર્થનું પરિણમન હવે કેમ પુરુષાર્થ થયો, કેમ કરવો એ પ્રશ્ન રહેતો નથી. પોતાનું પુરુષાર્થનું પરિણમન પણ બરાબર સુયોગ્યપણે યથાસ્થાનમાં બળવાનપણે વર્તે છે એ પણ એના અનુભવમાં ધર્મીને રહે છે. તેથી પુરુષાર્થનું શું? એ પ્રશ્ન ત્યાં રહેતો નથી. પુરુષાર્થનું સ્વરૂપ જાણે તો તો અનેક પ્રશ્ન પુરુષાર્થ સંબંધીના ઊલટી ધારણાપૂર્વકના છે એ છૂટી જાય છે.

શું કહે? '**દ્રવ્યના આવા... આવા સ્વભાવનો સ્વીકાર કરતાં...**' એમ. એક ગુણ ન લીધો પછી. જેવું છે એવું. આવું દ્રવ્ય છે, આવો સ્વભાવ છે એમ સ્વીકાર કરતાં '**પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ...**' પર્યાયની ધારા ચાલુ થઈ, ચાલુ થઈને વધતી ગઈ. એમાં '**જ્ઞાનાદિનો...**' જ્ઞાન એ અનંત ગુણનો '**પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.**' પુરુષાર્થનું શું એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– શ્રદ્ધા સૂલટી એટલે બધા ગુણો સૂલટ્યા.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત ગુણો સવળા થાય છે. એટલે એને મૂળ ગુણ 'દંસણ મૂલો ધમ્મો' મૂળ ધર્મ એટલા માટે કહેવામાં આવ્યો છે કે અનંત ગુણો જ્યાં સમ્યક્ત્વ થાય ત્યાં સર્વગુણાંશ—અંશે સર્વ ગુણો સમયક્ થઈ જાય, શુદ્ધ થઈ જાય પરિણમનમાં. એવું એને નિર્મળ પરિણમન થવાનો વસ્તુ ધર્મ છે, વસ્તુનો એ સ્વભાવ છે.

મુમુક્ષુ :- પુરુષાર્થનું સ્વરૂપ.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થનું સ્વરૂપ—પુરુષાર્થ પોતાના સ્વરૂપને... પરિણમન પોતાના સ્વરૂપને પ્રત્યક્ષ કરી કરીને જોર પકડે કે આવો જ છું. જ્ઞાનમાં પોતાના પ્રત્યક્ષ સ્વરૂપનું પ્રત્યક્ષતામાં આવી આવીને જોર આવે એને પુરુષાર્થ, સહજ જોર ઊભું થાય એને પુરુષાર્થનું સ્વરૂપ કહેવામાં આવે છે. જોરથી, વેગપૂર્વક પરિણમનનું ઉત્પન્ન થવું. ઉછળીને પરિણમન સ્વરૂપ પ્રત્યે જવું, ઉછળી ઉછળીને સ્વરૂપ પ્રત્યે પરિણામ જાય, સન્મુખના પરિણામ રહે, એમાં પણ બળવાનપણું રહે, જોર રહે, શક્તિ રહે ત્યારે એને પુરુષાર્થ સાથે છે કહેવામાં આવે છે.

ઉપલક્ષણથી વિચાર કરીએ કે કોઈપણ જીવને આવા સહજ પુરુષાર્થથી હજી પહેલામાં પહેલું નિર્વિકલ્પ ઉપશમ સમ્યગ્દર્શનનો કાળ હોય પહેલું, હજી ધર્મની પ્રથમ અવસ્થા છે, ત્યારે તે શુદ્ધોપયોગમાં વર્તતો જીવ, તે જીવને સ્પર્શાદિ વિષયોનું જ્ઞાન થતું નથી. આવે છે? ટોડરમલજીની રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં. એટલે એ જીવને ક્યારે પણ એ કાળે પણ જો કોઈ પ્રતિકૂળતા હોય અને ગમે તેટલી પ્રતિકૂળતા હોય, પ્રતિકૂળતા હોય નહિ પણ ગમે તેટલી પ્રતિકૂળતા હોય તોપણ તેના પુરુષાર્થનું બળ એટલું છે કે એ પુરુષાર્થને કારણે પરિણમન સ્વસન્મુખ, અંતર્મુખ જ રહે છે. અને તે પરિણામને બહિર્મુખ કરવા કોઈ સમર્થ નથી. જગતની અનંતી પ્રતિકૂળતા પણ તે અંતર્મુખ થયેલા ઉપયોગને બહિર્મુખ-બહાર લાવવા સમર્થ નથી. બહાર આવે તોપણ પોતાને કારણે અને અંતરમાં રહે તોપણ એ પોતાને કારણે છે. એવો અનંત પુરુષાર્થ ત્યાં છે. પ્રથમ

ધર્મની દશામાં પણ અનંત પુરુષાર્થ છે. ત્યારે તો એ અનંતાનુબંધીને છેદીને ઊભો થયેલો પુરુષાર્થ છે એમ કહેવામાં આવે છે. ખબર જ ન પડે. ઉપયોગને બહાર વાળે ક્યાંથી? પણ એ ઉપયોગને ખબર જ ન પડે કે અહીંયા બહારમાં કાંઈક બીજું થાય છે.

આત્મા સિવાય યોગ-જોડાણમાં રહેલા શરીરને કાંઈક થાય છે એની ઉપયોગમાં ખબર પડતી નથી. એ વ્યાપ્ય-વ્યાપકપણે લીન અને મગ્ન થયેલો એ શુદ્ધોપયોગ છે. એમાં પુરુષાર્થ કેટલો? કે અનંત પુરુષાર્થ છે એમ કહે છે. આગળ તો એથી વધુ પુરુષાર્થ છે પણ પ્રથમ દશામાં પણ અનંત પુરુષાર્થ છે. એ પુરુષાર્થનું સ્વરૂપ છે. પુરુષાર્થ એટલે શક્તિનું એ સ્વરૂપ છે.

**'સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ.'** ન થવાનો પ્રશ્ન રહેતો નથી. આમ છે. સ્વદ્રવ્ય કે પરદ્રવ્ય, કોઈ દ્રવ્યને ફેરવવું નથી. સ્વપર દ્રવ્યમાં કોઈ ગુણને ફેરવવાના રહેતા નથી, દ્રવ્યને ફેરવવાનું રહેતું નથી કે તેની સમયે સમયે થતી કોઈ પર્યાયને પણ ફેરવવાની રહેતી નથી. આમ કર્તૃત્વબુદ્ધિ, ફેરફાર કરવાની મિથ્યાબુદ્ધિ છે તે મટી જાય છે ત્યારે જ્ઞાન જ્ઞાતાદૃષ્ટા ભાવમાં રહી જાય છે એમ કહેવું છે. વીતરાગભાવમાં રહી જાય છે, જ્ઞાતા-દૃષ્ટાભાવમાં રહી જાય છે. એની મુક્તિ અલ્પકાળમાં થઈ જાય છે.

જડને ફેરવવાની બુદ્ધિ કેમ ન રહી? કે વસ્તુનું સ્વરૂપજ્ઞાન એમ થયું કે કોઈ દ્રવ્યને ફેરવી શકાતું નથી. જડમાંથી ચેતન ન કરી શકાય, ચેતનમાંથી જડ ન કરી શકાય, ક્ષેત્રથી ક્ષેત્રાંતર ન કરી શકાય, કોઈપણ પ્રકારે દ્રવ્યમાં ફેરફાર કરી શકાતો નથી. દ્રવ્ય જે છે તે છે સર્વ કાળે. એમાં ફેરફાર કરવો અશક્ય છે. એવું જ્ઞાન થાય ત્યારે એમાં ફેરફાર કરવાની બુદ્ધિ રહેતી નથી. સ્વપર દ્રવ્યોના અનંત ગુણો છે તે અનંત ગુણોમાં પણ કોઈ ફેરફાર કરી શકાતો નથી એમ ખબર પડે ત્યારે એમાં ફેરફાર કરવાનો અભિપ્રાય—બુદ્ધિ રહેતી નથી.

કોઈપણ પદાર્થની અવસ્થા પણ ઇચ્છા કરીને, રાગ કરીને ફેરવાતી નથી, ફેરફાર કરી શકાતી નથી. સમય સમયની યોગ્યતા પ્રમાણે સર્વ દ્રવ્યો, સર્વ કાળે પરિણમી રહ્યા છે. એમાં કોઈપણ પ્રકારે ફેરફાર કરી શકાવો અશક્ય છે એમ ખબર પડે ત્યારે પણ એમાં ફેરફાર કરવાનો અભિપ્રાય અથવા બુદ્ધિ રહેતી નથી. એમ જ્યાં સ્વપર પદાર્થના દ્રવ્ય-ગુણ-પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય ત્યારે જ્ઞાન ક્યાંય આડુંઅવળું ન જતાં જ્ઞાન જ્ઞાનમાં રહી જાય છે. એમ કહે છે. ફેરફાર કરવાના અભિપ્રાયવાળું જ્ઞાન મિથ્યાબુદ્ધિ સહિતનું જ્ઞાન, આકુળતા ઉત્પન્ન કરતું જ્ઞાન, દુઃખમાં રમણતા કરતું જ્ઞાન અનેક દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ફેરફાર કરવા ચાહે છે તોપણ થઈ શકતું નથી. પણ એ એનું ઊલટું અને વિપરીત અને વિકૃત પરિણમન છે. એ એને પોતાને જ દુઃખદાયી છે.

અહીંયાં કહે છે કે તું સ્વપર પદાર્થનું જ્ઞાન કર એટલે તારું જ્ઞાન જ્ઞાનમાં ઠરી જશે. જ્યાં જ્ઞાન જ્ઞાનમાં ઠરી ગયું એટલે વીતરાગતા થઈ ગઈ. વીતરાગી જ્ઞાતા-દૃષ્ટાભાવ રહી ગયો. એને મુક્તિ અલ્પકાળમાં થશે એની ચિંતા કરવાનો, શંકા-આશંકા કરવાનો પ્રકાર ભજતો નથી. વર્તમાનમાં ન ભજે એને. પછી ક્યારેક એ પડીને શંકાશીલ ક્યારે થાય? કે એ શંકામાં રહેતો હોય ત્યારે. સ્વદ્રવ્યની શંકા ત્યાં બધી શંકા. સ્વદ્રવ્યમાં નિઃશંક ત્યાં સર્વથા નિઃશંક. 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ.' આટલો બોલ બીજો લીધો છે. જ્યાં સ્વપર પદાર્થનું જ્ઞાન છે ત્યાં શંકાનું ઉત્થાન થતું નથી. એટલે ત્યાં શંકાની સ્થાપના થતી નથી. શંકાને ઉથાપી નાખે. વિશેષ લઈશું ...

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૧૨-A



(૩૭:૫૦ મિનિટથી...)

પ્રશ્ન :- મતિશ્રુત જ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો જ આત્માનો સ્વભાવ છે.

ઉત્તર :- હા. સ્વભાવમાં મતિ શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ થવાનો સ્વભાવ છે. મતિ શ્રુતજ્ઞાન પોતે સ્વભાવ તરફ જાય તો એની અનુભૂતિમાં પ્રત્યક્ષ થાય છે.

પ્રશ્ન :- એવો પરમપુરુષે કરેલો નિર્ણય પણ અત્યંત પ્રત્યક્ષ જ છે.

ઉત્તર :- હા. પરમપુરુષોએ કરેલો નિર્ણય પણ પ્રત્યક્ષ છે. પરમપુરુષોએ નિર્ણય પોતે અનુભૂતિથી કરેલો નિર્ણય એનો પ્રત્યક્ષ નિર્ણય છે. એને અનુભૂતિમાં આવેલું છે માટે એનો નિર્ણય પ્રત્યક્ષ છે. એ અનુભૂતિથી કહી રહ્યા છે.

પ્રશ્ન :- એમ કહેવું છે એમનું?

ઉત્તર :- એમ કહેવું છે. એ અનુભૂતિથી કહી રહ્યા છે કે આત્મા પ્રત્યક્ષ છે. એમનો કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ છે. કારણ કે એ અનુભૂતિથી કહી રહ્યા છે.

પ્રશ્ન :- એવો નિર્ણય અમને વર્તે છે એમ શ્રીમદ્જી કહેવા માગે છે?

ઉત્તર :- એવો નિર્ણય અમને વર્તે છે. એવી સ્વાનુભૂતિ અને એવો નિર્ણય અમને વર્તે છે એમ કહે છે. જે પરમપુરુષોએ કરેલો નિર્ણય અમને (વર્તે છે). એમ કહેવા માગે છે કે અમને પણ સ્વાનુભૂતિથી પ્રત્યક્ષ થયેલો છે. એવા અર્થમાં કહે છે.

પ્રશ્ન :- 'અત્યંત' શબ્દ જે ઉમેર્યો. અત્યંત પ્રત્યક્ષ કીધો અને સ્વભાવમાં પ્રત્યક્ષ કીધો. અને અત્યંત પ્રત્યક્ષ...

ઉત્તર :- પરમપુરુષોએ કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ (છે). કારણ કે સ્વાનુભૂતિથી પ્રત્યક્ષ છે. બધાને પ્રત્યક્ષ છે. આત્મા પ્રત્યક્ષ છે પણ અમારો કરેલો નિર્ણય, પરમપુરુષોએ કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ છે. કારણ કે સ્વાનુભૂતિથી કરેલો નિર્ણય છે માટે અત્યંત પ્રત્યક્ષ છે.

પ્રશ્ન : એ નિર્ણય પણ સ્વાનુભૂતિપૂર્વકનો છે?

ઉત્તર :- સ્વાનુભૂતિપૂર્વકનો કરેલો નિર્ણય અત્યંત પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- બેમાંથી બળવાન કોણ? મોક્ષનું કારણ કોણ?

ઉત્તર :- મોક્ષનું કારણ તો આત્મા છે પણ એનો નિર્ણય તો એની સ્વાનુભૂતિમાં થાય છે. એનો આશ્રય તો આત્મા છે પણ એ સ્વાનુભૂતિમાં આવે છે, એ નિર્ણયમાં આવે છે. માટે પ્રગટની અપેક્ષાએ શ્રદ્ધા બળવાન છે અને એના આશ્રયની અપેક્ષાએ દ્રવ્ય બળવાન છે. સ્વાનુભૂતિ વગર એને ખ્યાલમાં આવતો નથી. માટે સ્વભાવથી બળવાન છે. પણ એનું સામર્થ્ય બળવાન છે. પણ સ્વાનુભૂતિમાં એ આવે છે માટે બળવાન સ્વાનુભૂતિ તે પણ એનો આશ્રય આત્મા છે માટે આત્મા બળવાન છે. આત્માને આશ્રયે સ્વાનુભૂતિ થાય છે.

પ્રશ્ન :- કોઈ અપેક્ષાએ બેય બળવાન લેવું હોય

તો લઈ શકાય.

ઉત્તર :– અપેક્ષાએ બેય બળવાન થાય છે. સ્વાનુભૂતિ એવી છે કોઈથી ચડે એવું પ્રત્યક્ષપણું એવું છે કે કોઈ અહીંયાં શંકા કે તર્ક લાગુ પડતા નથી, કોઈથી એ છૂટી શકે એમ નથી. જે કેવળજ્ઞાનમાં જણાણું છે એ એની સ્વાનુભૂતિનો એ કેવળજ્ઞાનનો સ્વાનુભૂતિનો અંશ છે. સિદ્ધની સ્વાનુભૂતિ અને સમ્યગ્દર્શનની સ્વાનુભૂતિ એ એક છે. માટે એ પ્રત્યક્ષ બળવાન છે. એ પર્યાય અપેક્ષાએ. દ્રવ્યમાં અનંત સામર્થ્ય છે માટે દ્રવ્ય બળવાન છે.

પ્રશ્ન :– માતાજી! ગુરુદેવના એક વચનામૃતમાં આવે છે કે રાગના વિકલ્પથી ખંડિત થતો હતો તે જીવ સ્વરૂપનો નિર્ણય કરીને અંદર સ્વરૂપમાં ઠર્યો ત્યાં જે ખંડ થતો હતો એ અટકી ગયો અને એકલો આત્મા અનંત ગુણોથી ભરપુર આનંદ સ્વરૂપ રહી ગયો. તો માતાજી ખંડ થતો હતો તે અટકી ગયો એનો શું અર્થ?

ઉત્તર :– બહારના વિકલ્પમાં હતો ત્યાં સુધી ખંડ થાતો હતો. ઉપયોગ એક પછી એક ફર્યા કરતો હતો એટલે ક્ષયોપશમ જ્ઞાન રાગ સાથે જોડાયેલું હતું એટલે ઉપયોગમાં ખંડ થતો હતો. પણ અંતરમાં ગયો ત્યાં ખંડ થતો અટકી ગયો. અંતરમાં રાગનો વિકલ્પ છૂટી ગયો એટલે એ ખંડ જે હતો એ ખંડ થતો અટકી ગયો અને સ્વરૂપમાં લીન થયો. માટે અખંડસ્વરૂપ આત્મા છે એની અનુભૂતિ કરે છે. રાગ અપેક્ષાએ ખંડ અટકી ગયો.

પ્રશ્ન :– ખંડ તો જ્ઞાનમાં પડતો હતો?

ઉત્તર :– ખંડ જ્ઞાનમાં પડતો હતો.

પ્રશ્ન :– એ ખંડ અટકી ગયો?

ઉત્તર :– એ ખંડ અટકી ગયો છે.

પ્રશ્ન :– એક અખંડને વિષય કર્યો એટલે જ્ઞાન ખંડખંડરૂપ થતું અટકી ગયું?

ઉત્તર :– અટકી ગયું. અખંડનો વિષય કરી અને સ્વાનુભૂતિમાં ગયો એમાં સ્થિર થયો એટલે ક્ષયોપશમ જ્ઞાનનો જે ખંડ થતો હતો એ અટકી ગયો. એના ઉપયોગમાંથી અટકી ગયો.

પ્રશ્ન :– એક અખંડ સિવાય કોઈને વિષય કરવો એ જ્ઞાનનું ખંડખંડપણું.

ઉત્તર :– હા. જ્ઞાન પર તરફ જાય છે માટે ખંડખંડ થાય છે.

પ્રશ્ન :– સ્વાનુભવ થતાં એ ખંડ અટકી ગયો?

ઉત્તર :– એ ખંડ અટકીને એક અખંડનો વિષય કર્યો છે માટે એ ખંડ અટકી ગયો.

પ્રશ્ન :– વિકલ્પ અટકી ગયો કહીએ કે ખંડ અટકી ગયો બધું એક જ છે આમ તો.

ઉત્તર :– બેય એક જ છે. વિકલ્પ અટકી જાય એટલે ખંડ અટકી જાય છે એને. રાગનો વિકલ્પ અને જ્ઞાનનો ખંડ બે સાથે રહેલું છે.

પ્રશ્ન :– જ્યાં સુધી વિકલ્પ હોય છે ત્યાં સુધી જ્ઞાન પણ ખંડ ખંડ...

ઉત્તર :– ખંડ ખંડ થાય છે. અંદર સ્વનુભૂતિમાં ગયો એટલે એ ખંડ થાતો અટકી ગયો. પોતે પોતાને વિષય કર્યો અને સ્વાનુભૂતિ કરે છે. પોતે પોતાના ગુણોને જાણે છે. હજી ક્ષયોપશમ જ્ઞાન જ્યાં સુધી કેવળજ્ઞાન નથી થયું ત્યાં સુધી હોય છે. એટલે બહાર આવે છે ત્યાં ભેદજ્ઞાનની ધારા ચાલુ રહે છે. પણ ક્ષયોપશમ જ્ઞાન છે એટલે રાગની સાથે જ્ઞાન પણ ઉપયોગ પણ ફર્યા કરે છે. માટે પાછો બહાર આવે છે ત્યારે ઉપયોગ ખંડખંડ થાય છે. પણ એને આશ્રય એક અખંડનો રહે છે. બહાર આવે તોપણ આશ્રય તો એક અખંડનો જ છે. કેવળજ્ઞાન થાય, પૂર્ણ જ્ઞાન થાય ત્યારે એ ખંડ પછી એકદમ મૂળમાંથી ક્ષયોપશમ જ્ઞાન પલટીને ક્ષાયિકજ્ઞાન થઈ જાય છે.

પ્રશ્ન :– પછી બહારમાં આવતા જે ખંડ થતો હતો એ ખંડ નથી થતો.

ઉત્તર :- એ ખંડ અટકી ગયો. બધું પૂર્ણ રૂપ થઈ ગયો. આ તો સ્વાનુભૂતિની અપેક્ષાએ અટકી ગયો છે. સ્વાનુભૂતિ વખતે અટકી ગયો છે. અને બહાર આવે તોપણ આત્માનો આશ્રય લીધો માટે એ ખંડ અમુક દર્શન અપેક્ષાએ અટકી ગયો છે.

પ્રશ્ન :- અખંડની પરિણતિપૂર્વક બહાર ઉપયોગ જાય છે.

ઉત્તર :- હા. પરિણતિ પોતાની ચાલુ રાખીને બહાર જાય છે. પહેલા ખંડ ખંડ થાતો હતો એવો નથી થાતો. અખંડ જ્ઞાયકને ગ્રહણ કરીને બહાર જાય છે. પહેલા તો પોતાનું જ્ઞાન નહોતું એટલે એક પછી એક ખંડ, ખંડ-ખંડ જ થયા કરતો હતો. પણ આત્માનો આશ્રય લીધો એટલે અખંડને હાથમાં લીધો છે. અખંડતા રાખીને પછી બહાર જાય છે.

પ્રશ્ન :- પહેલા તો પૂરેપૂરો પરમાં એકાકાર થઈ જતો હતો.

ઉત્તર :- પૂરેપૂરો થઈ જતો હતો. કાંઈ ખબર નહોતી રહેતી. જે વિકલ્પ આવે એ વિકલ્પમય થાતો હતો. જે જાતનો રાગ આવે એ રૂપે થતો હતો. અંદર કોઈ મંદ કષાય હોય એને એમ થાય આ ઠીક નથી. પણ એ રૂપે થાય. પોતાને કોઈ જાતનું જ્ઞાયક હાથમાં એને ગ્રહણમાં નહોતું. એ તો જ્ઞાયક ગ્રહણમાં પોતાને હાથમાં રહે છે અને બહાર જાય છે.

પ્રશ્ન :- આમ જોઈએ તો મોટો ફેર પડી ગયો.

ઉત્તર :- મોટો ફેર પડી ગયો. એની દિશા આખી બદલાય ગઈ છે. એની ઉગમણી-આથમણી દિશા થઈ ગઈ. ઓલી તો દિશા એકલી બહારની જ હતી અને આ દિશા તો આત્માની થઈ ગઈ. દિશા સ્વસન્મુખ આત્માનો આશ્રય લીધો માટે પરિણતિની આખી દિશા બદલાઈ ગઈ. પોતાને ગ્રહણ કરીને પછી બહાર જાય છે. એટલે ખરી રીતે પોતે ભેદજ્ઞાનની ધારા, જ્ઞાનની ધારા ચાલુ રાખીને જાય છે. એટલે અખંડ મુખ્ય રહે છે અને ખંડ ખંડ ગૌણ થાય છે. અખંડ મુખ્ય ઉપર પોતે તરતો અખંડ રહીને પછી ખંડ થાય છે. એ ખંડ ગૌણ થાય છે.

પ્રશ્ન :- નીચેની ભૂમિકામાં ઝાઝો કાળ ઉપયોગ બહારમાં જવા છતાં પણ એ ગૌણપણે ખંડ રહે છે.

ઉત્તર :- ખંડ ગૌણ રહે છે. મુખ્ય અખંડતા રહે છે. અસ્થિરતાને ગૌણ કહેવામાં આવે છે. ભેદજ્ઞાનની ધારા મુખ્ય રહે છે.


## નવીન પ્રકાશન




## અધ્યાત્મ પિપાસા (ભાગ-૨)

પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાનો ગ્રંથ 'સ્વાનુભૂતિદર્શન' ઉપર અધ્યાત્મયોગી પરમોપકારી પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો, 'અધ્યાત્મ પિપાસા' નામક ગુજરાતી ગ્રંથ કુલ ૧૩ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવના સાથે પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની આગામી જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે, તા. ૧૩-૮-૨૦૨૨ના દિવસે ભાગ-૨ પ્રકાશિત કરવામાં આવશે. આ ગ્રંથની મર્યાદિત નકલો છપાવવાની હોવાથી જે મુમુક્ષુઓ તરફથી વ્યક્તિગત માંગણી આવશે તેટલી જ નકલો પ્રકાશિત કરવામાં આવશે. માટે જે કોઈ મુમુક્ષુઓને પુસ્તકની જરૂરિયાત હોય તેઓએ પોતાના નામ તથા સરનામા તા. ૧૫-૭-૨૦૨૨ પહેલા, શ્રી રાજેન્દ્રભાઈ જૈન, ભાવનગર, (મો. ૯૮૨૫૧૫૫૦૬૬)ને વોટ્સ અપ કરવા વિનંતી.

હોય તેથી કોઈ પણ પ્રાણી ઉપર કટાક્ષ આવે એવી દશા ઘણું કરીને મને રહેતી નથી. પણ હાલ મારી દશા કંઈ પણ લોકોત્તર વાત કરતાં અટકે છે; અર્થાત્ મન મળતું નથી.

'પરમાર્થ મૌન' એ નામનું એક કર્મ હાલ ઉદયમાં પણ વર્તે છે, તેથી ઘણા પ્રકારની મૌનતા પણ અંગીકૃત કરી છે; અર્થાત્ પરમાર્થ સંબંધી વાતચીત કરવાનું ઘણું કરીને રાખવામાં આવતું નથી. તેવો ઉદયકાળ છે. ક્વચિત્ સાધારણ માર્ગ સંબંધી વાતચીત કરવામાં આવે છે; નહીં તો એ વિષયમાં વાણી વડે, તેમજ પરિચય વડે મૌન્યતા અને શૂન્યતા ગ્રહણ કરવામાં આવી છે. જ્યાં સુધી યોગ્ય સમાગમ થઈ ચિત્ત જ્ઞાનીપુરુષનું સ્વરૂપ જાણી શકતું નથી, ત્યાં સુધી ઉપર જણાવેલાં ત્રણ કારણો કેવળ જતાં નથી, અને ત્યાં સુધી 'સત્'નું યથાર્થ કારણ પ્રાપ્ત પણ થતું નથી. આમ હોવાથી તમને મારો સમાગમ થતાં પણ ઘણી વ્યાવહારિક અને લોકલજ્જાયુક્ત વાત કરવાનો પ્રસંગ રહેશે; અને તે પર મને કંટાળો છે. આપ ગમે તેનાથી પણ મારા સમાગમ થયા પછી એવા પ્રકારની વાતમાં ગૂંથાઓ એ મેં યોગ્ય માન્યું નથી.

***

પત્રાંક-૩૦૫

વવાણિયા, કારતક વદ ૧, ૧૯૪૮

ૐ

ધર્મજવાસી છે જેઓ, તેમને સમ્યક્જ્ઞાનની હજુ જો કે પ્રાપ્તિ નથી, તથાપિ માર્ગાનુસારી જીવ હોવાથી તેઓ સમાગમ કરવા જોગ છે. તેમના આશ્રયમાં વર્તતા મુમુક્ષુઓની ભક્તિ, વિનયાદિ રીતભાત, નિર્વાસનાપણું એ જોઈ અનુસરવા જોગ છે. તમારો જે કુળધર્મ છે, તેની કેટલીક રીતભાત વિચારતાં ઉપર જણાવેલા મુમુક્ષુઓની રીતભાત આદિ ... તેમની મન, વચન, કાયાની અનુસરણા, સરળતા ... માટે સમાગમ કરવા જોગ છે. કોઈ પણ પ્રકારનું દર્શન થાય તેને સમ્યક્જ્ઞાન મોટા પુરુષોએ ગણ્યું છે, એમ સમજવાનું નથી. પદાર્થનો યથાર્થ બોધ પ્રાપ્ત થાય તેને સમ્યક્જ્ઞાન ગણવામાં આવ્યું છે.

ધર્મજ જેમનો નિવાસ છે, તેઓ હજુ તે ભૂમિકામાં આવ્યા નથી. તેમને એમુક તેજોમયાદિનું દર્શન છે. તથાપિ યથાર્થ બોધપૂર્વક નથી. દર્શનાદિ કરતાં યથાર્થ બોધ શ્રેષ્ઠ પદાર્થ છે. આ વાત જણાવવાનો હેતુ એ છે કે કોઈ પણ જાતની કલ્પનાથી તમે નિર્ણય કરતાં નિવૃત્ત થાઓ.

ઉપર જે કલ્પના શબ્દ વાપરવામાં આવ્યો છે તે એવા અર્થમાં છે કે 'અમે તમને તે સમાગમની સમ્મતિ આપવાથી તે સમાગમીઓ 'વસ્તુજ્ઞાન'ના સંબંધમાં જે કંઈ પ્રરૂપે છે, અથવા બોધે છે, તેમજ અમારી માન્યતા પણ છે, અર્થાત્ જેને અમે સત્ કહીએ છીએ તે, પણ અમે હાલ મૌન રહેતા હોવાથી તેમના સમાગમથી તે જ્ઞાનનો બોધ તમને મેળવવા ઇચ્છીએ છીએ.'

***

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જૂન-૨૦૨૨)નું શુલ્ક સ્વ. લલીતાબેન છોટાલાલ દેસાઈની પુણ્યસ્મૃતિમાં, હ. શ્રીમતી વર્ષાબેન હેમાણી, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




**પત્રાંક-૩૦૧**

**વવાણિયા, કાર્તિક સુદ ૮, સોમ, ૧૯૪૮**

સ્મરણીય મૂર્તિ શ્રી સુભાગ્ય,

જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં.

વિ. રાયચંદના ય.

***

**પત્રાંક-૩૦૨**

**વવાણિયા, કારતક સુદ ૧૩, શનિ, ૧૯૪૮**

**'सत्यं परं धीमहि'**

**(એવું જે) પરમ સત્ય તેનું અમે ધ્યાન કરીએ છીએ.**

અત્રથી કા. વદ ૩ બુધના દિવસે વિદાય થવા ઈચ્છા છે.

પૂજ્ય શ્રી દીપચંદજી સ્વામીને વંદન કરી વિજ્ઞાપન કરશો કે જો તેમની પાસે કોઈ દિગંબર સંપ્રદાયનો ગ્રંથ માગધી, સંસ્કૃત કે હિંદી હોય અને તે વાંચવા આપી શકાય તેમ હોય તો લઈ આપની પાસે રાખશો; અથવા તો તેવો કોઈ અધ્યાત્મ જ્ઞાનગ્રંથ હોય તો તે વિષે પૃચ્છા કરશો. તેમની પાસે જો કોઈ ગ્રંથ તેવો પ્રાપ્ત થાય તો તે પાછો મોરબીથી તેમને પાંચ આઠ દિવસે પ્રાપ્ત થાય તેમ યોજના કરીશું. મોરબીમાં બીજી ઉપાધિનો અભાવ કરવા માટે આ ગ્રંથપૃચ્છા કરી છે. અત્ર કુશળતા છે.

***

**પત્રાંક-૩૦૩**

**વવાણિયા, કારતક સુદ ૧૩, શનિ, ૧૯૪૮**

શુભોપમાયોગ્ય શ્રી અંબાલાલ,

અત્રથી વદિ ૩ ના નીકળવાનો વિચાર છે. મોરબી પાંચ સાત દિવસ ભાંગવા સંભવ છે, તથાપિ વ્યાવહારિક પ્રસંગ છે એટલે તમને આવવું યોગ્ય નથી. આણંદ સમાગમની ઈચ્છા રાખજો. મોરબીની નિવૃત્ત કરશો.

વળી એક વાત સ્મૃતિમાં રહેવા જણાવીએ છીએ કે પરમાર્થ પ્રસંગમાં હાલ અમે પ્રગટ રીતે કોઈનો પણ સમાગમ કરવાનું રાખ્યું નથી. ઈશ્વરેચ્છા તેવી જણાય છે.

સર્વ ભાઈઓને યથાયોગ્ય. દિગંબર ગ્રંથ મળે તો ભલે, નહીં તો થયું.

અપ્રગટ સત્

***

**પત્રાંક-૩૦૪**

**વવાણિયા, કાર્તિક સુદ, ૧૯૪૮**

યથાયોગ્ય વંદન સ્વીકારશો. સમાગમમાં આપને બે ચાર કારણો મન ખોલી વાત કરવા દેતાં નથી. અનંતકાળનું વલણ, સમાગમીઓનું વલણ અને લોકલજ્જા ઘણું કરીને એ કારણનાં મૂળ હોય છે. એવાં કારણો